# આમિરખાન અને જેમ્સ કેમરૂન ટૂંકમાં જ મળશે

## બંને એકસાથે ડીનર લઈને ફિલ્મો અંગે વાત કરશે

મુંબઈ, શનિવાર

બોલિવૂડના સુપરસ્ટાર આમિરખાન અને હોલિવૂડના ટોચના ડિરેક્ટર જેમ્સ કેમરૂન આવનાર દિવસોમાં એકબીજાને મળનાર છે. જેથી તેમની મુલાકાતને લઈને અટકળોનો દોર શરૂ થઈ ગયો છે. સૂત્રોએ કહ્યું છે કે, આમિરખાન અને જેમ્સ કેમરૂનની મુલાકાત નિશ્ચિત થઈ ચૂકી છે. આ બંને એક સાથે ડીનર લેશે. આ દરમિયાન ફિલ્મોના ભાવિ અને ફિલ્મો સાથે સંકળાયેલા જુદા જુદા પાસાઓ ઉપર ગંભીરતા વિચારણા કરશે.

અત્રે નોંધનીય છે કે, જેમ્સ કેમરૂન વિશ્વના સૌથી ટોચના દિગ્દર્શક પૈકીના એક છે. ટાઈટેનિક અને અવતાર જેવી વિશ્વની બે સૌથી સફળ ફિલ્મો જેમ્સ કેમરૂને બનાવી છે. બીજીબાજુ આમિરખાન બોલિવૂડના સૌથી લોકપ્રિય અભિનેતાઓ પૈકી એક છે. થ્રી ઈડિયટ્સની શાનદાર સફળતા બાદ આમિરખાનની લોકપ્રિયતા ચરમસીમા પર પહોંચી ગઈ છે. બોલિવૂડ અને હોલિવૂડ સાથે સંકળાયેલા તમામ લોકો પોતપોતાની રીતે ગણતરી કરી રહ્યા છે. બંને એકસાથે ફિલ્મ બનાવે તેવી અટકળો પણ ચાલી રહી છે.

# સુભાષ ઘાઈ હવે કોમેડી ફિલ્મ બનાવશે

મુંબઈ, શનિવાર

ફિલ્મ નિર્માતા સુભાષ ઘાઈ આગામી દિવસોમાં કોમેડી ફિલ્મ બનાવવા તૈયારી કરી ચૂક્યા છે. સુભાઈ ઘાઈએ કહ્યું છે કે, તેઓ દિવાળી સુધી એક કોમેડી ફિલ્મનું શુટિંગ શરૂ કરશે. આ ફિલ્મના કલાકારોની પસંદગી હજુ સુધી કરવામાં આવી નથી. આ ફિલ્મનું નામ પણ હજુ રાખવામાં આવ્યું નથી. મુક્તા આર્ટ્સ લિમિટેડ જાણીતા નિર્દેશક અબ્બાસ મસ્તાનની સાથે પણ એક ફિલ્મ બનાવશે. આ ફિલ્મનું નામ પણ હજુ સુધી રાખવામાં આવ્યું નથી. રાઈટ યા રોંગ ફિલ્મ રિલિઝ થઈ ગયા બાદ આ ફિલ્મને ચારેતરફથી સારો પ્રતિસાદ મળ્યો છે. સુભાષ ઘાઈએ ફિલ્મમાં પ્રથમ વખત સન્ની દેઓલ સાથે કામ કર્યું છે. આ ફિલ્મ સંજોગોને કારણે દુશ્મન બની ગયેલા બે મિત્રો ઉપર આધારિત છે. ફિલ્મમાં સન્ની ઉપરાંત ઈરફાનખાન, ઈશા કોપીકર અને કોંકણા સેનની ભૂમિકા છે.

### સાંજે ચાર વાગ્યાથી જીવંત પ્રસારણ કરાશે

# રવિવારે નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ વચ્ચે જંગ

## આઈપીએલની પ્રથમ મેચમાં વર્તમાન ચેમ્પિયન ડેક્કનને હાર આપ્યા બાદ રાઈડર્સના ખેલાડીઓનો જુસ્સો વધ્યો

કોલકાતા, શનિવાર

આઈપીએલમાં ૧૪ માર્ચના પ્રથમ મુકાબલામાં ગયા વર્ષની રનર્સ અપ રોયલ ચેલેન્જર્સ અને પ્રથમ મેચમાં અપસેટ સર્જી જીત મેળવનાર નાઈટ રાઈડર્સ વચ્ચે રોમાંચક જંગ જોવા મળશે. નાઈટ રાઈડર્સ આઈપીએલ-૩માં શાનદાર શરૂઆત કરી છે અને પ્રથમ મેચમાં જ ચેમ્પિયન ડેક્કનને હરાવ્યું હતું. આ જીત સાથે નાઈટ રાઈડર્સ આત્મવિશ્વાસ સાથે મેદાનમાં ઉતરશે. રાઈડર્સ તરફથી એન્જલો મેથ્યુસ અને ઓવિસ શાહ જબરજસ્ત ફોર્મમાં ચાલી રહ્યા છે જ્યારે કેપ્ટન દાદાએ પોતાના પ્રદર્શનમાં સુધારો કરવો પડશે. જ્યારે બોલિંગમાં તેમની પાસે અગરકર, ઈશાંત શર્મા અને ડીન્ડા જેવા ભારતીય બોલરો છે. રોયલ ચેલેન્જર્સ નાઈટ રાઈડર્સ સાથે પોતાની પ્રથમ મેચ રમીને પોતાના અભિયાનની શરૂઆત કરશે અને પ્રથમ મેચમાં વિજયી બનવા પ્રયત્ન કરશે. રોયલ ચેલેન્જર્સમાં જેક્સ કાલિસ, બાઉચર, રાહુલ દ્રવિડ અને વિરાટ કોહલી ઉપર બેટીંગનો મુખ્ય આધાર રહેશે અને બોલિંગમાં સઘળો મદાર કેપ્ટન કુંબલે ઉપર રહેશે. બુકીઓના મતે રોયલ ચેલેન્જર્સ આ મેચ જીતવા માટે હોટ ફેવરીટ માનવામાં આવે છે.

નાઈટ રાઈડર્સ : સૌરવ ગાંગુલી (કેપ્ટન), વરુણ એરોન, અબ્દુલા, અગરકર, એકલક અહમદ, અશોક ડિન્ડા, રોહન ગાવસ્કર, બ્રેડ હોજ, હર્ષદ ખાદિવાલ, લેંગવેટ, એન્જલો મેથ્યુસ, મેન્ડિસ, મુરલી કાર્તિક, ચિરાગ પાઠક, ચેતેશ્વર પુજારા, રિધ્ધિમાન સહા, ઓવિસ શાહ, ઈશાંત શર્મા, લક્ષ્મીરતન શુક્લ, મનોજ તિવારી, ગણપતિ વિઝ્રેસ

રોયલ ચેલેન્જર્સ : અનિલ કુંબલે (કેપ્ટન), બાલચંદ્ર અખિલ, માર્ક બાઉચર, અપન્ના, રાહુલ દ્રવિડ, પ્રેઝ, ગોસ્વામી, કાલિસ, કોહલી, ભુવનેશ્વર કુમાર, પ્રવિણકુમાર, અભિમન્યુ મિથુન, ઈવોઈન મોર્ગન, મનીષ પાંડે, કેવિન પીટરસન, સ્ટિવન સ્મિથ, શ્રીધરન શ્રીરામ, ડેઈલ સ્ટેન, રોઝ ટેલર, રોબિન ઉથપ્પા, વાન્ડર મર્વ, વિનયકુમાર, કેમરૂન વ્હાઈટ.

### રાત્રે આઠ વાગ્યાથી જીવંત પ્રસારણ કરાશે

# ડેક્કનની ટક્કર ચેન્નાઈ સુપર સામે : ગિલક્રિસ્ટ ઉપર નજર

## પ્રથમ મેચ હારી ગયા બાદ રવિવારે સાયમન્ડ, ગિબ્સ, રોહિત શર્મા સહિતના સ્ટાર ખેલાડીઓ પર દબાણ રહેશે

ચેન્નાઈ, શનિવાર

ગયા વર્ષની ચેમ્પિયન ડેક્કન ચાર્જસ અને ટાઈટલ જીતવાની દાવેદાર ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે રવિવારે રોમાંચક જંગ જોવા મળશે. ચેમ્પિયન ડેક્કનને પ્રથમ મેચમાંજ હારનો સામનો કરવો પડ્યો હતો જેના કારણે તેમના માટે આ મેચ મહત્ત્વપૂર્ણ બની રહેશે. ડેક્કન ટીમમાં સઘળો મદાર કેપ્ટન એડમ ગિલક્રિષ્ટ પર રહેશે જો કે સાયમન્ડસ, ગીબ્સ, રોહિત શર્મા અને લક્ષ્મણ મેચમાં પાસું પલટાવવા સક્ષમ છે. ડેક્કનની મુખ્ય સમસ્યા બોલિંગ રહેશે અને સઘળો મદાર વાસ પર રહેશે. પ્રથમ મેચમાં પણ સારી શરૂઆત પછી અંતિમ ઓવરમાં વધારે રન આપી દીધા હતા. ચેન્નાઈ સુપર કિંગ્સ પોતાની પ્રથમ મેચ રમી અભિયાનનો પ્રારંભ કરશે. વિશ્વનો શ્રેષ્ઠ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની પ્લસ પોઈન્ટ સાબિત થશે. ચેન્નાઈની ટીમમાં હેડન, ધોની, રૈના પર સઘળો મદાર રહેશે. જો કે તેમને હસી જેવા બેટ્સમેનોની ખોટ પડશે. જ્યારે બોલિંગમાં મુરલીધરન, બાલાજી અને મનપીત ગોની પોતાની ટીમને વિજયી બનાવવા ઉત્સુક છે. ડેક્કન અને ચેન્નાઈ સુપર કિંગ્સ બન્ને પ્રથમ જીત મેળવવા કોશિશ કરશે.

ડેક્કન ચાર્જસ : ગિલક્રિષ્ટ(કેપ્ટન), સાયમન્ડસ, મિશેલ માર્શ, ચામિન્ડા વાસ, ગિબ્સ, લક્ષ્મણ, રોહિત શર્મા, આર પી સિંહ, ઓઝા, વેણુગોપાલ, અર્જુન યાદવ, રવિ તેજા, સુમન, અનિરુધ્ધસિંહ, હરમિતસિંહ, રાહુલ શર્મા, અઝહર બિલાખિયા, મોહનિશ શર્મા

ચેન્નઈ સુપર : મહેન્દ્રસિંહ ધોની (કેપ્ટન), હેમાંગ બદાણી, રવિચંદ્રન અશ્વિન, બદ્રીનાથ, જ્યોર્જ બેલી, બાલાજી, ચંદ્રશેખર ગણપતિ, ગોની, હેડન, માઈક હસ્સી, જકાતી, અરૂણ કાર્તિક, જસ્ટિન કેમ્પ, મોર્કેલ, મુરલીધરન, નટિની, પાર્થિવ પટેલ, જેકબ ઓરમ, પરેરા, સુરેશ રૈના, થુસારા, સુધીર ત્યાગી, મુરલી વિજય.